ગાંધીનગર સમાચાર

ગણેશ વિસર્જનનાં હોટ ફેવરેટ સ્થળો પર ફાયર બ્રિગેડ સ્ટેન્ડ ટુ

## @ગાંધીનગર

**ગણેશોત્સવ-સાતમો દિવસ**

● સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે અશ્વિનભાઈ જોષીનો મા-બાપને ભૂલશો નહી તથા દિકરી વ્હાલનો દરિયો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૨ રંગમંચ ખાતે બપોરે ૩ વાગે ગણેશજીની પૂજા આરતી કરાશે ત્યાર બાદ વિસર્જન યાત્રાનું પ્રસ્થાન કરાશે.

● સે-૨-સી ગણેશ ચોક ખાતે રાત્રે ૯ કલાકે ૭ સ્ટાર મ્યુઝીકલ પાર્ટી દ્વારા ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ યોજાશે.

● સે-૩-ડી ખાતે સવારે ૧૦ કલાકે ગણેશ વિસર્જન.

**- નજાહખાનમ સૈયદ**

## સી.એમ. પટેલ હાઈસ્કુલનું ગૌરવ

ગાંધીનગરની શેઠ સી.એમ. હાઈસ્કુલના વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષમાં ધો-૧૨માં અભ્યાસ કરતા બી ગ્રુપના ૧૨૫ વિદ્યાર્થીઓ પૈકી શાળામાંથી ઉત્તીર્ણ થઈ શાળાના ૩૨ વિદ્યાર્થીઓએ મેડીકલમાં પ્રવેશ મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન શાળા પરિવારે પાઠવ્યા છે.

## વિ કેર ફાઉન્ડેશન દ્વારા યોગ પ્રાણાયામ સેમિનાર યોજાયો

ગાંધીનગર મેડીકલ કોલેજ ગાંધીનગર ખાતે તાજેતરમાં આસાન, પ્રાણાયામ અને ધ્યાનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને મૌખિક તેમજ પ્રેકટીકલ પ્રાણાયામની સમજ મેળવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જે.સી. પટેલે કર્યું હતું.



હાલ ચાલતા ગણેશોત્સવ પર્વથી પ્રભાવિત થઈ એસ.જી. ઈંગ્લીશ મીડીયમ શાળા ધોરણ-૭ના ક્રિશ ભટ્ટે પોતાની કલ્પનાના ગણપતિનું આબેહુબ ચિત્ર કાગળ પર ઉતારી દીધું.

# શહેરમાંથી એક લાખ પદયાત્રીઓ પસાર







ગાંધીનગર, તા.૨૨

'બોલ મારી અંબે જય જય અંબે'ના જયઘોષથી ગાંધીનગરના માર્ગો ગુંજી ઉઠયા છે. શહેરના વિવિધ માર્ગો પરથી અંબાજી જવા માટે પસાર થતા પદયાત્રાળુઓના જયઘોષથી વાતાવરણ ભકિતમય બન્યું છે. અત્યાર સુધીમાં નગરમાંથી એક લાખ પદયાત્રાળુઓ પસાર થયા છે. પદયાત્રીઓની સેવા માટે શહેરમાં નાના મોટા પંદરથી પણ વધુ સેવા કેન્દ્રો કાર્યરત છે જેમાં યાત્રાળુઓ માટે ચા-પાણી, નાસ્તો, જમવાનું તેમજ તેમના આરામની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. પદયાત્રીઓ પણ સેવા કેન્દ્રોની મુલાકાત લઈ 'બોલ મારી અંબે જય જય અંબે'ના નારા લગાવી ફરી ચાલવાનું શરુ કરી દે છે.

ભાદરવી પૂનમે અંબાજી ખાતે માનવ મહેરામણ ઉમટે છે. રાજયભરમાંથી ૨૦ લાખથી વધુ પદયાત્રીકો ચાલતા અંબાજી પહોંચી મા અંબા જગદંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. અંબાજી ચાલતા જવું સહેલું નથી પરંતુ પદયાત્રીકો મા ના ગુણગાન ગાતા ગાતા આરામથી મા ના આર્શીવાદથી યાત્રા સફળ રીતે પુરી કરે છે. પગપાળા જતાં યાત્રાળુઓ માટે સેવાભાવી સેવકો દ્વારા ઠેક ઠેકાણે સેવા કેન્દ્રો ચાલુ કરાયા છે. ગાંધીનગર શહેર મધ્યમાં હોવાથી અંબાજી જતા પદયાત્રાળુઓ નગરમાંથી પસાર થાય છે, શહેરમાંથી અમદાવાદ, ખેડા, આણંદ, નડીયાદ, વડોદરા, સુરત, ભરુચ, વલસાડ સહિતના અનેક જિલ્લાના યાત્રાળુઓ નગરમાંથી પસાર થાય છે. આ પગપાળા જતાં યાત્રાળુઓની સેવા માટે નગરમાં નાના મોટા પંદરેક સેવા કેન્દ્રો કાર્યરત છે. જેમાં ચ-૦ પાસે પંચદેવ યુવક મંડળ, જય અંબે યુવક મંડળ સે-૨, ચ-૩ ખાતે ઈન્દ્રોડા યુવક મંડળ, જીઆઈડીસી પરિવાર સેવા કેન્દ્ર, જિલ્લા પંચાયત પાસે બાપા



સીતારામ સેવા કેન્દ્ર, પંચેદવ મંદિર પાસે શિવ શકિત સેવા કેન્દ્ર, સે-૨૫ સહકાર કોલોની પાસે જય અંબે સેવા કેન્દ્ર, 'ક' માર્ગ પર સે-૨૬ જય અંબે સેવા કેન્દ્ર, ક-૭ પાસે માલધારી યુવક મંડળ સેવા કેન્દ્ર, ન્યાયમંદિરના એડવોકેટ મિત્ર મંડળ દ્વારા મહાકાલી મહાપ્રસાદ સેવા કેન્દ્ર, ઘુંઘટ હોટલ પરિવાર સેવા કેન્દ્ર, મહાકાળી યુવક મિત્ર મંડળ 'ક' રોડ પટેલ મસાલા ભંડાર પાસે તેમજ રાંધેજા ચાર રસ્તા પાસે બાપુનગર યુવક મંડળ સેવા કેન્દ્રનો સમાવેશ થાય છે. આ સેવા કેન્દ્રોમાં ચાલતા જતાં પદયાત્રિકોને નાસ્તા તરીકે ચવાણુ, સેવ-મમરા, ગાંઠીયા, બુંદી, ફુલવડી, પાપડી, બિસ્કીટ, ફરસીપુરી, ફરાળી ચેવડો આપવામાં આવે છે. જયારે કેટલાક સેવા કેન્દ્રોમાં લાઈવ ઢોકળા અને ગરમા ગરમ ગોટા તેમજ પૌંવા પણ આપવામાં આવે છે. જયારે ફ્રુટમાં સફરજન, કેળા સહિતના ફ્રુટનું ચાલતા જતા પદયાત્રિકોને વિતરણ કરવામાં આવે છે. જિલ્લા પંચાયત પાસે બાપા સિતારામ સેવા કેન્દ્ર ખાતે ખીચડી કઢીનો પ્રસાદ જયારે બાપુનગર મિત્ર મંડળ દ્વારા ભકતોને પાકું ભોજન આપવામાં આવે છે. જેમાં જલેબી, મોહનથાળ ગોટા, કઠોળ, બે શાક, ખીચડી કઢી, રોટલા, રોટલી, ભાખરી, પુરી સહિત મસાલા છાશ ચાલતા જતાં ભકતોને હેતથી બોલાવીને પ્રસાદ આપવામાં સેવાભાવી યુવકો પાછા પડતા નથી. વધુમાં ચા-પાણી, લીંબુ શરબત, ઠંડા પીણા, મેડીકલ સેવા આપવામાં આવે છે. પગપાળા જતા યાત્રિકોને માલીશ, મલમ, દવાઓ જેવી મેડીકલ સુવિધાઓ પણ પુરી પાડવામાં આવે છે. અંબાજી ચાલતા જતા ભકતોને કોઈ પણ જાતની તકલીફ ન પડે તેની કાળજી સેવાભાવીઓ દ્વારા રાખવામાં આવે છે. આ સેવા કેમ્પમાં કેટલાક સરકારી કર્મચારી, અધિકારી, વેપારી સહિત નગરના અનેક આગેવાન સમયની પરવા કર્યા વિના સેવાકાર્યા યજ્ઞમાં હાજર હોય છે. શહેરના માર્ગો પરથી ચાલતા જતા પદયાત્રિકોની સેવા કરી સેવાભાવી પુણ્ય કમાય છે. જયારે પગ પાળા જતાં યાત્રિકો પણ હર્ષભેર જય અંબે જય અંબેના નારાથી શહેરનું વાતાવરણ ગુંજવે છે.

**(તસવીર : દિપક જાની)**

## વાતવાતમાં

● હાલ ચાલી રહેલા ડેન્ગ્યુ ફિવરના વાવરને કારણે મચ્છર મારવાની ટીકડીઓ, અગરબત્તીઓ અને મશીનોના વેચાણમાં ધરખમ ઉછાળો આવ્યો છે. કંપનીવાળાઓએ તો આ વાવરમાં 'ધંધો' દેખાતા ટીવી પર જાહેરાતોનો મારો પણ વધારી દીધો છે.

● સરગાસણના પ્રમુખ બ્લીસ એપાર્ટમેન્ટની સામે રોડ બેસી જવાથી ફલેટના રહીશો અને વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે. લાગે છે હવે વરસાદમાં ભૂવા પડવાનો ઈજારો એકલા અમદાવાદનો નહીં રહે.

● ગાંધીનગરના મલ્ટીપ્લેક્સમાં સિધ્ધાર્થ રાંદેરિયાની 'ગુજ્જુભાઈ ધ ગ્રેટ' ધૂમ મચાવી રહી છે. જયાં ગુજરાતી ફિલ્મોના મલ્ટીપ્લેક્સમાં દિવસના એક-બે શો યોજાતા ત્યાં આ ફિલ્મે પાંચ પાંચ શો સાથે ઢોલીવુડમાં 'અચ્છે દિન' લાવી દીધા છે.

● હોટલ હવેલી આગળથી સાંકડા રોડ પર સ્પીડમાં પસાર થતા બાઈકચાલકને અચાનક એક મહિલા ચાલક કાર પાર્કિંગમાંથી બહાર કાઢતી દેખાતા શોર્ટ બ્રેક મારી માંડ માંડ અથડાતા બચ્યો હતો. નગરના વાહનચાલકોને કઈ જગ્યાએ કેટલી સ્પીડે વાહન ચલાવવું તેની ખાસ તાલીમ આપવાની તાતી જરૂર છે.

● ગાંધીનગરમાં સૌરાષ્ટ્રની પ્રખ્યાત ગુજરાતી થાળી ડોકટર્સ ફુડનો ઈન્ફોસીટી સુપરમોલ ખાતે રવિવારથી પ્રારંભ થઈ રહ્યો છે. ગુજરાતી થાળીના રસિયાઓ માટે નગરમાં આ નવું નજરાણું બની રહેશે.

● અંબાજીના પદયાત્રી સંઘ માતાજીના મનમોહક રથ સાથે ગરબા વગાડતા વગાડતા પસાર થઈ રહ્યાં છે જેના કારણે રાત્રિના સમયે તો નગરમાં નવરાત્રિ જેવો માહોલ સર્જાય છે ઘણા પદયાત્રી સંઘ તો સંધ્યાકાળે આરતી પતાવી થોડો સમય ગરબા પણ ગાઈ લે છે.

**- સમીર રામી**
**૯૯૨૪૪૪૬૬૪૫**

## ગણેશ વિસર્જનના હોટ ફેવરેટ સ્થળો પર ફાયર બ્રિગેડ સ્ટેન્ડ ટુ

ગાંધીનગર, તા.૨૨

ગણેશ વિસર્જન પ્રસંગે નદીમાં યુવાનોના ડુબી જવાના કિસ્સાઓ દર વર્ષે બને છે. ગણેશ મહોત્સવની સમાપ્તી બાદ વિસર્જન કરવા ગયેલા સે-૧૩ના યુવાનો પૈકી એક યુવાનનું ડુબી જવાથી મૃત્યુ થવાની ઘટના ગઈ કાલે જ બનવા પામી હતી. જેને પગલે તકેદારીનાં ભાગરૂપે નદીમાં કોઈ ડુબે નહી તે હેતુસર ફાયરબ્રિગેડની ટીમોને નદી કાંઠે વિસર્જન સ્થળો પર સ્ટેન્ડ ટુ રાખવામાં આવશે. ગાંધીનગર અને અમદાવાદ ફાયર બ્રિગેડની ટીમો બચાવ કામગીરી માટે કામે લાગશે.

**વિસર્જન પ્રસંગે યુવાનોના નદીમાં ડુબી જવાના બનતા કિસ્સાઓને પગલે ગાંધીનગર-અમદાવાદ ફાયરબ્રિગેડની ટીમો નદી કાંઠે તૈનાત રહેશે**

ગણેશ મહોત્સવ બાદ વિસર્જન દરમિયાન ગત વર્ષે આઠેક યુવાનોના મૃત્યુ ગાંધીનગર આસપાસના વિસ્તારમાં થયા હતા. જેને પગલે ત્વરીત ફાયર બ્રિગેડનો બંદોબસ્ત ગોઠવાયો હતો. આ વખતે ગણેશ વિસર્જન ગઈ કાલથી શરૂ થયા અને પ્રથમ દિવસે જ સે-૧૩નો એક યુવાન ધોળેશ્વર મહાદેવ પાછળ સાબરમતી નદીમાં ડુબી ગયો હતો. હજુ મોટા ભાગની સોસાયટીઓ, સેકટરોના ગણેશ વિસર્જન બાકી છે. આ વિસર્જન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કોઈ જાનહાની ન થાય તે હેતુસર ફાયરબ્રિગેડની ટીમોને વિસર્જન માટે વધુ હોટફેવરેટ સ્થળો છે તેવા સ્થળોએ તૈનાત કરવામાં આવશે. ગાંધીનગર ફાયરબ્રિગેડની વિવિધ ટીમો ધોળેશ્વર મહાદેવ પાછળ ધોળાકુવા અને ઈન્દ્રોડા પાછળ સાબરમતી નદી પાસે તૈનાત રહેશે જયારે કરાઈ, કોટેશ્વર સહિતના વિસ્તારમાં અમદાવાદ ફાયરબ્રિગેડની ટીમોને સ્ટેન્ડ ટુ રાખવામાં આવશે.

## ઈન્ટરનેટ પરના પ્રતિબંધથી તેજસ્વી વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે ફોર્મ ભરી શકયા નહિ

**ફોર્મ ભરવાની મુદત લંબાવા વાલીઓમાં માંગ : રાજય હજુ વાઈફાઈ થયું નથી તો ઓનલાઈન સાથે ઓફલાઈન ફોર્મ ભરવાનો પણ વિકલ્પ આપો**

ગાંધીનગર, તા.૨૨

રાજયમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓનો માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તથા આ વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરી શકે તે માટે ધોરણ-૮થી સ્કોલરશીપની યોજના અમલમાં મુકવામાં આવી છે. નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપ યોજના હેઠળ સ્કોલરશીપ માટે પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ ૨૨મી સપ્ટેમ્બર હતી પરંતુ ઈન્ટરનેટ સેવાઓમાં ક્ષતિ અને વેબસાઈટ ઓપન થવાની મુશ્કેલીના કારણે અનેક વિદ્યાર્થી આ માટે આવેદનપત્ર ભરવાથી વંચિત રહી જવા પામ્યાં છે તેથી આ પરીક્ષાની તારીખ લંબાવાય તેવી ઉગ્ર માંગ વાલીઓમાં ઉઠવા પામી છે.

નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપ એટલે કે એનએમએમએસ નામની યોજના દ્વારા વર્ષ ૨૦૦૮-૦૯થી ઓનસીઈઆરટી ન્યુ દિલ્હી તરફથી તેજસ્વી બાળકોને સ્કોલરશીપ આપવામાં આવે છે. આ યોજનામાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે જેમણે એક પરીક્ષા આપવાની હોય છે. આ પરીક્ષામાં પસંદગી પામવા માટે વેબસાઈટ www.sebexam.org પર ઓનલાઈન ફોર્મ ભરવાનું હતું. જેની છેલ્લી તારીખ ૨૨મી સપ્ટેમ્બર હતી. છેલ્લા કેટલાક દિવસથી ઈન્ટરનેટ સેવામાં પડી રહેલી મુશ્કેલીના કારણે અનેક બાળકો છેલ્લી ઘડી સુધી ફોર્મ ભરી શકયા નહોતા. વળી, આ વેબસાઈટ ઓપન થવામાં પણ અનેક મુશ્કેલીઓ જણાઈ હતી જેના કારણે ફોર્મ ભરવામાં વારંવાર ફરી ફરી વિગતો પૂરવી પડતી હતી. આજે બપોરે ત્રણ વાગે ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થતા અનેક વિદ્યાર્થીઓ જે આવેનદપત્ર ભરી નહોતા શકયા તેમણે નિ:સાસા નાંખ્યા હતા જયારે તેમના વાલીઓએ આ સમય મર્યાદા લંબાય તેવી શાળાના આચાર્ય સમક્ષ માંગ વ્યકત કરી હતી.

માત્ર એક જ વર્ષ અરજી કરી ચાર વર્ષ સુધી સ્કોલરશીપ મેળવવાની હોઈ રાજય સરકારે આ બાબતે તેજસ્વી વિદ્યાર્થીઓના ભવિષ્યનો વિચાર કરી આવેદનપત્રની મુદત લંબાવાય તે બાબતે ઘટતું કરવું જોઈએ. હજુ રાજય જયાં સુધી સંપૂર્ણ વાઈ ફાઈ કે ડીજીટલ બન્યું ના હોઈ ઓનલાઈન ફોર્મ ભરવાની સામે ઓફલાઈનનો વિકલ્પ પણ આપવો જોઈએ તેવી વાલીઓમાં માંગ ઉઠવા પામી છે.

## ડુંગરી ગરાસિયા સમાજનું 'સમાજ ભવન'નું તા. ૨૭મીએ આલમપુરમાં ભૂમિપૂજન

ગાંધીનગર, તા.૨૨

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગર ખાતે 'સમાજ ભવન' રોજગારી/વ્યવસાયના હેતુ માટે બાંધવાનું નક્કી કરેલ છે. જે આમલપુર મુકામે ભૂમિપુજન તા. ૨૭મી સપ્ટેમ્બરના સવારે નવ વાગે રાખેલ છે તો સમાજના સભ્યોએ હાજર રહેવા માટે શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખશ્રી ડૉ. કે.એન. બામણીયાએ જણાવેલ છે.

## આર.એન. પટેલ શાળા ખાતે લોક જાગૃતિ અને જીવન આસ્થા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સે-૨૩ સ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. પટેલ પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં ધો-૮ના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં લોક જાગૃતિ અને જીવન આસ્થાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આર.એન. પટેલ પ્રાથમિક શાળા અને ડી.એસ.પી. કચેરીના સંયુકત ઉપક્રમે શાળાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે પોલીસ સહાયતા કેન્દ્ર દ્વારા મળતી તમામ સહાયની ઝીણવટપૂર્વકની માહિતી આપવામાં આવી હતી. તેમજ વિડીયો કોન્ફરન્સથી બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓને મહિલા સુરક્ષા 'સાવચેતીમાં જ સુરક્ષા' સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત જન જાગૃતિ અભિયાનની માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે ડી.એસ.પી. કચેરીના કીરીટભાઈ જોષી, મોહનભાઈ પરમાર, જોય સોલંકી, રાજશ્રીબેન સહિત શિક્ષણકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.



સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા મહિલા પાંખ દ્વારા આદિવાડા ગામની સગર્ભા બહેનો કે જેઓ કોઈ રોજગાર કરે છે અને જેમના બાળકો આંગણવાડીમાં ભણે છે તેમને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા મહિલા પાંખ દ્વારા દર સોમવારે સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે.

**(તસવીર : કશ્યપ નિમાવત)**

# દર્દીની સારવાર અમારું કર્તવ્ય છે

હેલ્લો, ડૉકટર અંકલ...આ બોલ શું થયું? ફરી તારી તબીયત બગડી કે શું?... અરે ના ના, મેં તો તમને એક સમાચાર આપવા ફોન કર્યો છે, મારું દસમાનું રીઝલ્ટ આવી ગયું છે, ૮૨ ટકા આવ્યા છે... ખરેખર? વાહ, ખૂબ સરસ, અભિનંદન...

આ સંવાદો કોઈ નાટકના નથી પરંતુ એક એવા ડૉકટરના છે જેઓ માત્ર દર્દીની સારવાર જ નથી કરતા પરંતુ દર્દી જો ગરીબ-જરૂરીયાતમંદ હોય તો ગાંઠનું ગોપીચંદન કરીને પણ તેની સારવાર કરે છે તેમજ તેનામાં જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે છે. તેમના ઘણા બધા પેશન્ટ, ઈન્શ્યુલીનની સતત જરૂર પડતી હતી જેનો તમામ ખર્ચ આ તબીબે કોઈને પણ કહ્યા વગર પોતાના ખિસ્સામાંથી ભોગવ્યો હતો અને આજે એ છોકરી સાજી થઈ પછી દસમાની પરીક્ષામાં સારા ટકાએ પાસ થતા તુરંત ડૉકટરને સમાચાર આપવા ફોન જોડયો હતો. લગભગ અઠવાડિયામાં એક વાર તો માન્યું હતું. સંજોગોવશાત સિવિલના આ તબીબ ખાનગી હોસ્પિટલના તેમના મિત્ર તબીબ બહારગામ ગયા હોવાથી મિત્ર ભાવે દર્દીઓને જોવા ગયા હતા ત્યારે બાળકને ત્યાં લઈને આવેલા વાલીની પરિસ્થિતિ તેમજ બાળકનો નાનકડો ગલ્લો ચલાવે છે તેની સારવારને બે વર્ષ જેટલું થયું પણ હજુ એ આ બાળાના ઈન્શ્યુલીનની વ્યવસ્થા ડૉકટર જ કરે છે. પેલા રોડ સાઈડ પેઈન્ટરના દિકરાને તો ડૉકટરે ડાયાબીટીશ માપવાનું ગ્લુકોમીટર મશીન પણ સ્વખર્ચે લાવી આપ્યું છે અને ૪૦૦૦ જેટલા કાઉન્ટના હુમલા નથી. ડોકટરની ઈચ્છા છે કે તમામ ડાયાબીટીશ ટાઈપ-૧ પીડીત બાળકોનું ગ્રૂપ બનાવી તેમની સારવાર અંગે માર્ગદર્શન આપે તેમજ મહિને એકવાર તેમની સાથે પિકનીક પણ કરે. સ્વાઈન ફલુના રોગચાળા વખતે ૨૪ કલાક હોસ્પિટલમાં જ રહેનાર આ તબીબે એકવાર માત્ર છીંક

**ડાયાબીટીશ ટાઈપ-૧થી પીડીત ગરીબ જરૂરિયાતમંદ બાળકોની સારવારમાં ગાંઠનું ગોપીચંદન કરતા તબીબને આ બાળકો સાથે પિકનીક કરવી છે**



સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

**દર્દીને સાજા કરવા તો અમારું સર્જન થયું છે, જો પેશન્ટ જ ના હોત તો હું ડોકટર પણ ના હોત**

ડૉકટર સાહેબ, જુઓને મારા છોકરાને શું થઈ ગયું છે? સ્કૂલમાં જ બેભાન થઈ પડી ગયો.. અરે આને તો ડાયાબીટીશ ટાઈપ-૧ છે, વધી જવાથી બેભાન થયો છે, તમે એક કામ કરો આને સિવિલમાં લઈ જાવ.. પણ અમે ત્યાં જ જઈને આવ્યા, ત્યાંથી તો અમદાવાદ લઈ જવાનું કીધું પણ અમે અહીં આવ્યા... તમે ચિંતા ના કરો, આને સિવિલમાં લઈ જાવ, ત્યાં સારવાર કરવા હું જ ત્યાં આવું છું. અહીં તમારે ૨૦-૨૫ હજારનું બિલ થઈ જશે જયારે ત્યાં મામૂલી ખર્ચમાં પતી જશે...

ખાસ કરીને આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને જો ડાયાબીટીશ ટાઈપ-૧ હોય તો તેમની લગભગ તમામ જવાબદારી પોતે ઉપાડે છે. સારવાર પુરી થયા પછી પણ સતત તેના સંપર્કમાં રહી કુટુંબીજન જેવો સંબંધ વિકસાવે છે અને પેશન્ટને રોગ સામે લડવા સતત પ્રેરિત કરે છે. પહેલા સંવાદવાળી બાળકી એક રીક્ષા ડ્રાઈવરની માત્ર ૧૨-૧૩ વર્ષની દિકરી હતી જેને ડાયાબીટીશના કારણે આ હોસ્પિટલમાં આ તબીબની સારવાર હેઠળ રાખવામાં આવી હતી. તેની સારવારમાં એ ડૉકટર અંકલ સાથે વાત કરે અને ડૉકટર અંકલ પણ ગમે તેટલા બીઝી હોય છતાં સ્હેજ પણ અકળાયા વગર સ્નેહપૂર્વક એને પ્રોત્સાહિત કરતા પ્રત્યુત્તર વાળે.

બીજા સંવાદમાં એક રોડ સાઈડ પર પેઈન્ટીંગનું કામ કરતા શ્રમજીવીના દિકરાની વાત છે. જેને ડાયાબીટીશ વધી જવાથી સ્કૂલમાં જ બેભાન થઈ ગયો હતો. જેને સિવિલ હોસ્પિટલ લઈ જવાતા ત્યાંથી અમદાવાદ લઈ જવા સલાહ અપાઈ હતી. જો કે બાળકના વાલીએ તેને ગાંધીનગરની જ ખાનગી હોસ્પિટલમાં લઈ જવાનું મુનાસીબ ડાયાબીટીશ ટાઈપ-૧ પીછાણી ફરી સિવિલ હોસ્પિટલ લઈ જવા સલાહ આપી તેમજ પોતે ત્યાં જઈ તેની સારવાર પણ કરી. આ છોકરો આશરે ૧૪ વર્ષનો હતો અને ઈન્જેકશનની સોય જોઈને જ ડરતો હતો આજે આ તબીબના સંબંધને કારણે તે જાતે જ ઈન્શ્યુલીન લઈ ડાયાબીટીશને કાબૂમાં રાખતા શીખી ગયો છે.

માત્ર આ બે બાળકો જ નહિ પરંતુ જુનાગઢના તલાલાની એક બાળા જેના પિતા માત્ર કરિયાણાનો પછી પણ પરીક્ષા આપી પાસ થયો ત્યારે ડૉકટરને પણ અચંબો થયો હતો. અન્ય એક બાળાને તો ડૉકટરે એટલી હોંશિયાર બનાવી દીધી કે તેને કેરીનો રસ ખાવો હોય તો તેની કેલેરી જાતે ગણી તે મુજબનું ઈન્શ્યુલીન જાતે જ લઈ લે છે. આવા અનેક ડાયાબીટીશ ટાઈપ-૧ થી પીડાતા બાળકોને આ તબીબ પોતાના ગણી તેમની કાયમ સારસંભાળની જવાબદારી ઉઠાવી રહ્યાં છે.

ડાયાબીટીશ ટાઈપ-૧ એ જન્મથી થતો રોગ છે. તેના માટે ઈન્શ્યુલીન સિવાય બીજો કોઈ આરો આવવાથી સ્વાઈન ફલુ છે કે નહિ તેની શંકા દુર કરવા પોતાના બંગલે બોલાવનાર ધારાસભ્યને પણ રોકડું પરખાવી દીધું હતું કે 'તમને સ્વાઈન ફલુના પેશન્ટને અડકી જવાની બીક લાગતી હોય તો હું તો સ્વાઈન ફલુનું ઘર છું.' હાલ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને ભણાવવાનું કાર્ય કરતા આ તબીબ કહે છે જો પેશન્ટ જ ના હોય તો હું ડૉકટર પણ ના હોત. દર્દીને સાજા કરવા માટે જ તો અમારું સર્જન થયું છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## ચિરવિદાય

- સ્વ. અરૂણાબેન અશોકસિંહ સોલંકી, ઉ.વ.૨૨
- સ્વ. ચન્નીભાઈ રાજુભાઈ પટેલ, ઉ.વ. ૨૫
- સ્વ. શાંતાબેન દિનેશભાઈ રાઠોડ, ઉ.વ. ૫૭
- સ્વ. મનોજભાઈ શિવાભાઈ વાડોદરા, ઉ.વ. ૫૦
- સ્વ. કાનાભાઈ ડાહ્યાભાઈ બારૈયા, ઉ.વ. ૫૦
- સ્વ. શ્યામભાઈ મહેશભાઈ સાદડીયા, ઉ.વ. ૧૮